કીંમત એક આનો.

સ્વદેશ ગીતા.

સંગ્રહ કરી છપાવનાર
બુકસેલર જદુલાલ નારણદાસ,
ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે,
મુ. નડીઆદ.

બીજી આવૃત્તી. પ્રત ૬૦૦૦.

સને ૧૯૨૧. સંવત ૧૯૭૭.

સુધારા વધારા સાથે.

દારૂ પીધાથી આરોગ્યતા, સુખ અને કુટુંબનો નાશ થાય છે માટે તમે દારૂને અડશો નહિ

તૈયાર છે ! તૈયાર છે ! તૈયાર છે !

સ્વદેશ કાવ્ય-સ્વદેશ ગીતા-સ્વદેશ ભક્તિ.

ઉપરનાં ત્રણે પુસ્તકોની કીંમત ફક્ત દરેકનો એક આનો છે છુટક મંગાવનારે ત્રણે પુસ્તકોની કીંમત રૂા. ૦-૩-૦ તથા પોષ્ટેજનો ૦-૧-૦ મળી કુલ રૂા. ૦-૪-૦ ટીકીટો મોકલી આપવી.

દરેક ગામમાં આબરૂદાર એજંટોની જરૂર છે.

રેલવેમાં અને મોટા શહેરોમાં ઉપરનાં પુસ્તકો ફરીને વેચનારા માસીક રૂપીઆ પચાસનો નફો સહેલાઈથી મેળવી શકે છે.

જથાબંધ ખરીદ કરનારને સારૂં કમીશન મળશે.

છુટક તથા જથાબંધ પુસ્તકો મળવાનું ઠેકાણું

બુકસેલર જદુલાલ નારણદાસ,

મુ. નડીઆદ.

ઉપરનાં ત્રણે પુસ્તકો નીચેને ઠેકાણેથી મળશે.

શ્રી લક્ષ્મીવિજય પ્રિ. પ્રેસ (બ્રાન્ચ),

ઠે. નગરશેઠની મારકીટ, રતનપોળ—અમદાવાદ.

સહકારી અને અસહકારીનો સંવાદ.

(રાગ—શામાટે શ્રમ કરે સતી તુજ પતિ ભક્તિ સાચી.)

સહકારી—

શા સુખ સારૂ તજો, અરે કાં રાષ્ટ્ર યોગ ધારો? (૨)
તમે સહકાર ગણો પ્યારો. (૨)

અસહકારી—[સાખી]

અનુભવ લીધો મેં અતિ, થઈ ભારતમાત ગુલામ;
હડધુત તેનાં બાળકો, થાયે ઠામોઠામ.
કાળા ગોરામાં ભેદ જણાવે, બ્રીટન વચન દઈને ફોસલાવે;
તે સારૂં સહુ તજી, અમે સહકાર ગણ્યો ખારો; (૨)
અરે! અસહકાર હવે પ્યારો. (૨)

સહકારી--

જે. પી. નાઈટ ઈલ્કાબ તજીને, મોહ ચાંદનો મોહ વરજીને
શું સુખી થવા ધારો, હૃદયમાં બુદ્ધિ જરા ધારો; (૨)
તમે સહકાર ગણો પ્યારો. (૨)

અસહકારી—[સાખી]

માન ચાંદના મોહમાં, દેશભક્તિ નવ થાય;
કોપે જો સરકાર તો, પળમાં પાછા લઈ જાય.
માનચાંદથી ભુખ નવ ભાગે, મૃત્યુ થાયે કંઈ કામ ન લાગે;
શું સમજી અમ મિત્ર, તમે સહકાર ગણો પ્યારો; (૨)
અરે! અસહકાર હવે પ્યારો. (૨)

સહકારી—

વકીલ બેરીસ્ટરની ડીગ્રીઓ, મુકી પ્રોફેસરની પદવીઓ;
સ્વાર્થત્યાગ કાં કરો? સગાંનું હીત જરા ધારો; (૨)
હવે સહકાર કરો પ્યારો. (૨)

અસહકારી—[સાખી]

દેશભક્તની ડીગરી, જગમાં મોંઘી મનાય;
બોર્ડ બી.એ. એટ–લૉ તણાં, ઠામોઠામ વંચાય.
સ્વાર્થત્યાગથી રાષ્ટ્ર દીપાવું, બંધુ સુણો હું સૌ સંભળાવું;
સ્વદેશ ઉદય કાજ, કર્યો સહકાર હવે ખારો; (૨)
ગણી અસહકાર અતિ પ્યારો. (૨)

સહકારી—

અસહકારની શીખામણ દો છો, કામ રાજદ્રોહીનું કરોછો;
જેલ મહીં જાશો, તમારો મુમત હવે મારો (૨)
તમે સહકાર ગણી ખારો. (૨)

અસહકારી—(સાખી)

નિર્દોષી પામે જેલને, ગણે ન દુઃખ તલભાર;
કૃષ્ણ જન્મે જેલમાં, કરવા હિન્દ ઉદ્ધાર.
રાજદ્રોહ તમે કોને કહો છો? બંધુ અવળું શું સમજો છો;
કરી શાન્ત ચિતે વિચાર, કરો સહકાર તમે ખારો; (૨)
ગણો અસહકાર હવે પ્યારો. (૨)

સહકારી—

રામ રાજ્યથી અધિકું સુખ આપ્યું,
રેલ તાર કરી બહુ દુઃખ કાપ્યું;

પ્રજા ઉપર રાખે પ્યાર, છતાં કેમ વિચાર આમ નઠારો (૨)
તમે સહકાર ગણો પ્યારો. (૨)

અસહકારી—[સાખી]

હજારો દઈ દારૂનો, કરો નિરબળ હિન્દુસ્તાન;
રંગ ભેદ બહુ રેલમાં, નહિ નેટીવનું માન.

જલીઆનબાગમાં કતલ ચલાવી, નિરદોષજનોનું લોહીરેલાવી,
મચાવ્યો ડાયર ત્રાસ, તેથી સહકાર ગણ્યો ખારો, (૨)
કરી અસહકાર હવે પ્યારો. (૨)

સહકારી—

લડશો વિમાનો વીણ કેમ વ્હાલા, નથી તોપ તલ્વારો ભાલા,
સુખી થવા જો ધારો, મુકી દીઓ સ્વરાજ લવારો, (૨)
ગણી સહકાર બંધુ સારો. (૨)

અસહકારી—[સાખી]

પ્રબલ શસ્ત્ર સુદર્શનતણું, રેંટીઓ રૂડું નામ,
આયુદ્ધ અમારૂં એ ગણું, જેનું ભારે કામ.

મરવું નથી નહિ મારવા જાવું, સ્વદેશી વ્રતથી બ્રીટન હઠાવું,
ગાંધીજી ગુરૂ ગણી, અમોએ હિન્દ કર્યો પ્યારો, (૨)
અમે સહકાર ગણીયે ખારો. (૨)

સહકારી—

બાળ તમારાંનું હિત વિચારો, સરકારી નિશાળમાંથી ન ઉઠાડો,
છેવટની આ અરજ, અમારી ધ્યાન વિષે ધારો, (૨)
ગણી સહકાર બંધુ પ્યારો. (૨)

અસહકારી—[સાખી]

દેશભક્તિને ધર્મનું, સરકાર ન આપે જ્ઞાન;
સ્ટુડન્ટ જપતા નોકરી, અવર ન એ વિણ ભાન.
માફ કરો મુજને મમ બંધુ, દેશભક્તિવિણ સઘળું ખોટું;
લેવા હિન્દ સ્વરાજ, અમે સહકાર ગણ્યો ખારો; (૨)
અરે! અસહકાર હવે પ્યારો. (૨)
(ચોકસી જદુલાલ નારણદાસ-નડીયાદ

ભારત સૈનિકનું ગીત.

સુતાતા બાણ શૈયામાં, પિતામહ ધર્મને કાજે;
સહીશું ને વહીશું સહુ, અમે અમ દેશને કાજે.
જીરવશું ઝેરના પ્યાલા, ગણી સાકર સમા મીઠા;
ખમીશું ઝુઝશું જીતશું, પડીને મૃત્યુના મુખમાં.
અમોને દેશની સેવા, એ એકજ એક સુખ છે હા;
ખરેખર દેશની સેવા, છે દુર્લભ દેશને પણ હા.
ઊઠો જાગો બોલાવે મા, નગારાં યુદ્ધનાં વાગે;
ગાજે છે તોપ દુશ્મનની, કસોટી વીર! છે આજે.
ભભુકતા તોપના ગોળાની પહેરીશું અમે માળા;
અમે શસ્ત્રોના સાગરને, અને અગ્નિ તણી જવાળા.
ઝીલીશું ને જીરવશું હા, અમારા દેહના કવચે;
અડગ અમ હાથ ને હૈયાં, અમારા દેશની ફરજે.
અમર અમ દેહને આત્મા, અમર અમ ધર્મને કીર્તિ;
અમર અમ માત ભારતને, અમર અમ દેશની પ્રીતિ.
(મુલજીભાઇ દુર્લભજી વૈદ.)

સ્વરાજ્ય સિદ્ધિ.

બસ પહેરજો તમે ખાદી.

જો સ્વરાજ્ય લેવા ચાહો–બસ પહેરજો તમે ખાદી,
જો હિન્દ બાળ કહેવાઓ–તો પહેરજો તમે ખાદી.
કપાસ—મુજ વાવેતર હાલ થયું છે સારા હિન્દે બહુ,
પણ મુજ બાળક વિદેશ રખડે કથની કોને કહુ.
જો લાગણી ઉર રાખો–તો પહેરજો તમે ખાદી.
કપાસીયા–ચરખો ભુલી જવાથી આજે બળી રહ્યો હું બહુ,
સત્વ વિનાનો સો સ્થળ રખડું આપ કોને હું કઉં.
જો પ્રાયશ્ચિત કરવા ધારો–તો પહેરજો તમે ખાદી.
રૂ—પુર્વજ સઘળા સંઘરતા પણ દેશાવટે હું હાલ,
શકિતહીણા તો શે નીપજાવ્યું ? શું બનાવવા કંગાલ.
જો હિન્દ બાળ કહેવાઓ–તો પહેરજો તમે ખાદી.
પુણી—સ્વરાજ્યનો હું માર્ગ બતાવું લાવો રેંટીઓ એક,
પોચા દિલથી પ્રાણ વધારૂં જુવો જુસ્સો ને ટેક.
જો મર્દ થવાને ચાહો–તો પહેરજો તમે ખાદી.
સુતર—સ્વરાજ્યનો સંદેશ હું લાવ્યું એક તાર એ મંત્ર,
હિંદુ મુસલીમ ભેદ તજીને શોધી લો સ્વાતંત્ર.
જો હિન્દ હિત ઉર ધારો–તો પહેરજો તમે ખાદી.
ભારત—સ્વદેશીનો અવતાર થયો મેં લીધું સ્વરાજ્ય આજ,
સમીપ સમય સ્વતંત્રતાનો પુકારે ભારતી માત.
જો સ્વદેશી પુજક થાઓ, તો પહેરજો તમે ખાદી.

પ્રપંચી કો’ ખરા કે નહિ ?

[રાગ—ગઝલ.]


અમારે આંગણે આવી, અમોને ખુબ લલચાવી;
ગયા આજે તમે ફાવી, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૧
સભામાં તો પ્રથમ ભરતા, કહું ડહાપણભર્યું કરતા;
હમારાથી બાહુ ડરતા, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૨
કરી વેપારની વાતો, ફસાવ્યા ભોળવી આતો;
હવે મારો તમે લાતો, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૩
ધિર્યાં નાણાં કપટ વિધિ, લખાવી મિલકતો લીધી;
ન પાછી એ તમે દીધી, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૪
નવાબી ચાલતી જ્યાં જ્યાં, કર્યા કદમો તમે ત્યાં ત્યાં,
લડાવ્યા માંહો માંહેયાં, પ્રપંચી કો ખરા કે નહિ ?—પ
પ્રથમ ભેળા અમે લીધા, અને ઘરમાં જવા દીધા;
છતાં ચાલ્યા નહિ સીધા, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૬
દીધી જ્યાં આંગળી ત્યાં તો, બધી અમ દેહને પકડી;
અને રાખ્યા તમે જકડી, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૭
કરી ખટપટ અહીં પેઠા, મુનીમજી શેઠ થઈ બેઠા;
વચન જુઠાં અને મીઠાં, પ્રપંચી કો’ ખરા કે નહિ !—૮
કરેલા ગુણ ગયા વિસરી, ચલાવી ચાલ તો દુસરી;
બાહુ ખાધાં માંખણ મીસરી, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૯
ગણ્યા મહાદેવથી મોટા, પુજામાં હારને ગોટા;
કર્યા એ સહુ તમે ખોટા, પ્રપંચી કો’ ખરા કે નહિ ?—૧૦

ગુલામી સાચી નહિ હેવી, થયા દુઃખી તને સેવી;
અધમતા આદરી એવી, પ્રપંચી કોં ખરા કે નહિ?-૧૧
હવે ફરિયાદ કયાં કરવી, અચલિત ન્યાયની ભરવી;
અરજ પ્રભુ આગળે ધરવી, પ્રપંચી કોં ખરા કે નહિ?-૧૨
(લેખક-વસોવાળા ઇશ્વરચંદ્ર અવિનાશી યોગેન્દ્ર.)

અમારે ને તમારે શું ? (રાગ ગઝલ.)

વગાડી હાથથી ચપટી, લીધાં સાધન બધાં ઝપટી;
અમે ભોળા તમે કપટી, અમારે ને તમારે શું ?—૧
પુરો વિશ્વાસ તો કીધો, બતાવ્યો માર્ગ ના સીધો;
દગો છેવટ અરે દીધો, અમારે ને તમારે શું ?—૨
ખરા બહાદુર તમે કહાવો, જુલમ કરતાં ઘણું ફાવો;
ન ચાલે કોઇનો દાવો, અમારે ને તમારે શું ?—૩
તિજોરીમાં તમે પુરા, લડો હથિયારમાં શુરા;
કર્યાં નિર્દોષના ચુરા, અમારે ને તમારે શું ?—૪
જુલમ પંજાબમાં કીધો, છતાં ઇન્સાફ ના દીધો;
અમલ દારૂ તમે પીધો, અમારે ને તમારે શુ ?—૫
ધમાલો ધર્મપર કીધી, ખીલાફતને ખુંચી લીધી;
નજર આપે નહિ દીધી, અમારે ને તમારે શું !—૬
કર્યાં પરદેશીને પ્યારા, રચ્યા ત્યાં કાયદા ન્યારા;
રહ્યા ના ધર્મના ધારા, અમારે ને તમારે શું ?—૭
કરી હા આંખને કરડી, નાંખ્યા ઘંટી મહી ભરડી
હવે જાગ્યા આળસ મરડી, હમારે ને તમારે શું ?—૮
(લેખક-વસોવાળા ઇશ્વરચંદ્ર અવિનાશી યોગેન્દ્ર.)

રેંટીઆ સ્તોત્ર.



(રાગ-ગઝલને મળતો.)

પ્રાચીન અમારા દેશનો ઉદ્યોગ ગૃહનો રેંટીઓ,
ઘર ઘર ફરી જાગૃત કરો, પાછો મુકેલો રેંટીઓ. ૧
જેટલા આંટા તમારા હાથ ફરશે રેંટીઓ,
તેટલું સ્વરાજ્ય પાસે લાવશે આ રેંટીઓ. ૨
મૃત પ્રાય ભારત દેશનું છે એક અમૃત રેંટીઓ,
ભારત તણા સૌ રોગનું છે એક ઔષધ રેંટીઓ. ૩
લાખ્ખો નિરાશાની મહીં આશા કીરણ છે રેંટીઓ,
ભારત તીમીર દળ ભેદિને ચમકી રહ્યો છે રેંટીઓ. ૪
મશગુલ થઈ એ સુરમાં જન ફેરવો આ રેંટીઓ,
સ્વધર્મની સેવા તણી છે ભવ્ય મુર્તિ રેંટીઓ. ૫
મંદિર અને મસ્જિદમાં પધરાવજો આ રેંટીઓ,
સાઠ કોટિ દ્રવ્યનો રક્ષક પિતા છે રેંટીઓ. ૬
દુષ્કાળનો પણ કાળ છે આ ફાળ ભરતો રેંટીઓ,
ભુખ્યા કરોડો બાન્ધુનો છે અન્નપુર્ણા રેંટીઓ. ૭
ટાઢે થથરતા રંક જનનો વસ્ત્રપુર્ણા રેંટીઓ,
પંજાબ ખીલાફતનો છે ન્યાયપુર્ણા રેંટીઓ. ૮

આ શસ્ત્રહીન પ્રજા તણો છે શસ્ત્રપુર્ણ રેંટીઓ,
અસહકાર કેરા યુદ્ધમાં આયુદ્ધ અમારો રેંટીઓ. ૯
ચક્ર સુદર્શન સમો રમરમ ફરતો રેંટીઓ,
બની કૃષ્ણ વીર તનુ ભરતનાં ચાલુ કરો આ રેંટીઓ. ૧૦

કુરૂક્ષેત્રમાં કૌરવ દળો થરકાવશે આ રેંટીઓ,
તાજ લેંકેશર તણી લુંટાવશે આ રેંટીઓ. ૧૧
માન માનચેસ્ટર તણાં મુકાવશે આ રેંટીઓ,
રાવણ રીપુ રણ રોળી સીતા લાવશે આ રેંટીઓ. ૧૨

પારસી તો પા ઋષી આખો ઋષી છે રેંટીઓ,
શ્વેત ઊપવીત ધારી વધતો વેદ મંત્રો રેંટીઓ. ૧૩
ચેતન ફુવારા દેશમાં ઉરાડતો આ રેંટીઓ,
મરૂભુમિને રસબસ કરી ફુળદ્રુપ કરતો રેંટીઓ. ૧૪

જડ કાષ્ટનો જો કે બનેલો દીસતો આ રેંટીઓ,
ચેતન થકી ભરપુર ને જીવંત છે આ રેંટીઓ ૧૫
ખાએ નહીં પીએ નહીં સુવે નહી આ રેંટીઓ,
થાકે નહી થાસે નહી ને કામ આપે રેંટીઓ ૧૬

સ્વરાજના નીશાનમાં ચીતરાવજો આ રેંટીઓ,
આત્મશુદ્ધિનો અલૌકિક મંત્ર મોંઘો રેંટીઓ. ૧૭
ગાવે કબીરા પદ મહીં કે છે પવિત્ર રેંટીઓ,
ગાંધી લખે નવજીવનમાં કે સ્વરાજ્ય ચાવી રેંટીઓ. ૧૮
ખાતાં પીતાં સુતાં અને વળી સ્વપ્ન માંહી રેંટીઓ,
રટણ કરતો રાતદીન બસ રેંટીઓ ને રેંટીઓ. ૧૯

ભારત વીરનાં યશોગાન.

(રાગ–સોરઠા.)

+સ્વતંત્રતાનું તાન, સ્વર સાંભળતામાં ચઢે;
વાગી હિન્દુસ્તાન, મોહન તારી મોરલી. ૧
સત્યાગ્રહનો મંત્ર, એ મોરલીમાંથી સ્રવે;
ભારત બને સ્વતંત્ર, મંત્ર તણી એ ભાવના. ૨
અનુભવતાં એ નાદ, મુક્ત થયાં નિંદ્રા થકી;
"અમે કોણ" એ યાદ, ભારત સંતાનો કરે. ૩
સ્વદેશ સેવા કાજ, કષ્ટ સહન તેં કંઈ કર્યાં;
હિન્દ ભુમિની લાજ, ટ્રાન્સવાલમાં તેં સાચવી. ૪
ચંપારણ્યે આપ, પધારતાં શાન્તિ થઈ;
મજુરના માબાપ, મદદગાર ખેડુતના. ૫
હે ગાંધી ગુણવાન, ભારતભુમિના લાડકા;
"મ્હારૂં હિંદુસ્તાન!" મધુર મંત્ર ત્હારો આહા. ૬
સ્વદેશની જે સેવ, સ્નેહ થકી કરતા સદા;
તે દુનિયાંના દેવ, તે ટોળામાંહી મળ્યા. ૭
તન મન ધન ત્હેં ભ્રાત, ભારતને અર્પણ કર્યું;
અસહકારનો મંત્ર, હિંદ હિત કાજે કર્યો. ૮

+ ઉપરનું કાવ્ય 'મણીકાન્ત' કાવ્યમાળામાંથી છેલ્લી એક લીટીમાં ફેરફાર કરી છાપ્યું છે. રંગબેરંગી ચાલીસ ચિત્રોવાળી મણિકાંત કાવ્યમાળા હમારી પાસેથી મળી શકશે કીંમત રૂ. ૩) પોસ્ટેજ જુદું.

અમારી પ્રતિજ્ઞા.

(રાગ—ગઝલ.)

અમોએ જન્મ લીધો છે, ભુમીની શેવ કરવાને;
દારિદ્રય દુઃખ હરવાને, અમારી એ પ્રતિજ્ઞા છે.
બચાવીં દુઃખથી ભારત, અમર સુખો સ્થપાવીશું;
ચણાવી ઉન્નતિ કીલ્લા, અમારી એ પ્રતિજ્ઞા છે.
મારા દેશ બાંધવને; સ્વદેશીમાં ઝુલાવીશું;
ગવાડી દેશનાં ગીતાં, અમારી એ પ્રતિજ્ઞા છે.
વિદેશી માલના સંગી, વ્યભિચારી નહિ બનીએ;
સ્વદેશી માલ વાપરીએ, અમારી એ પ્રતિજ્ઞા છે.
નહિ ફેશનના લોભે, પતંગીઆ સમ ઝંપલાઇએ,
ગુણો નિજ દેશના ગાઇએ, અમારી એ પ્રતિજ્ઞા છે.
અમારાં હાડ ખડકીને, દિવાલો ઉન્નતિ ચણીશું;
કલંકી સર્વ કાપીને, અમારી એ પ્રતિજ્ઞા છે.
અમારી ભારતી માટે, અમારા પ્રાણ આપીશું;
સ્વાધીનતા દેશની લેશું, અમારી એ પ્રતિજ્ઞા છે.
બતાવે દ્રવ્યની લાલચ, નહિ પરતંત્રતા લઇશું;
મધુરી દેશની રોટી, અમારી એ પ્રતિજ્ઞા છે.
કદી વિશ્વાસથી મારે, નહિ વિશ્વાસ તો કરશું;
બની સત્યાગ્રહી પુરા, અમારી એ પ્રતિજ્ઞા છે.
ભુમિનાં બંધ તોડવવા, અડગ સમશેર ઝાલીશું;
અરિ સંકટ વિદારીશું, અમારી એ પ્રતિજ્ઞા છે.

ગયેલી દેશ આબાદી, સમૃદ્ધિ પાછી લાવીશું,
વસાવી ઐકય ભાવોને, અમારી એ પ્રતિજ્ઞા છે.
ભણીશું રાષ્ટ્રીય શાળે, અભ્યુદય દેશનો કરવા,
ગજવશું ઘોષ વિજયના, અમારી એ પ્રતિજ્ઞા છે.
ભણી સ્વરાજ્યના સુત્રો, તીલકની કર્મ ગીતાને,
અસહકારી બની જાશું, અમારી એ પ્રતિજ્ઞા છે.

(ચતુરલાલ ઉત્તમરામ પંડયા-પાદરા.)

હમે તો ભરતભુમિનાં બાળ.

અમે તો ભરતભુમિના બાળ, અમોને કેવળ એપર વ્હાલ.
નિરંતર કેવળ એપર વ્હાલ.
સ્વર્ગસમી પર ભુમિ સુંદર ભલે રસમાં રમનાર,
અમ અન્તરમાં એને તેજે પળ ભર નહિ ચમકાર—અમે.
રંક ભલે માત અમારી તદપિ તે અમ પ્રાણ,
હૈયા ગેલ સલુણા હેતી શીખવે ઉન્નત ગાન—અમે.
અવર ભુમિની ભુરકીમાં નહિ ભરત અમે ભુલનાર,
પરમાતાનાં લાડ લુખેરાં તે શું દુઃખ દેનાર—અમે.
અનેક વ્રત કંઇ અમે ઉજવીશું ઝગતા સુર ઝમકાર,
ઉષા સમી બસ ભરત હસાવી જગવીશું જયકાર.
અમે તો ભરતભુતિના બાળ—અમોને કેવળ એ પર વ્હાલ.

(વસન્ત વિનોદી.)

ગુણવંતી ગુજરાત.

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત;
નમિયે નમિયે માત, અમારી ગુણવંતી ગુજરાત.
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝુકી રહ્યાં અમ શિષ;
માત મીઠી તુજ ચરણ પડીને માગીએ શુભ આશિષ—અ.
મીઠી મનોહર વાડી આ ત્હારી નંદનવન શી અમોલ;
રસ ફુલડાં વીણતાં વીણતાં ત્યાં કરીએ નિત્ય કલોલ—અ.
સંત મહંત અનંત વીરોની વહાલી અમારી માત;
જય જય કરવા ત્હારી જગમાં અર્પણ કરીએ જાત—અ.
ઊંડા અઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવન માંય;
દેશ પ્રદેશ અહોનિશ અંતર એકજ તારી છાંય—અ.
સર સરિતા રસભર અમી ઝરણાં રત્નાકર ભરપુર;
પુણ્ય ભુમિ ફળફુલ ઝઝુમી માત રમે અમ ઉર—અ.
હિન્દુ મુસલમિન પારસી સરવે માત: અમે તુજ બાળ;
અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ—અ.
ઉર પ્રભાત સમાં અજવાળી ટાળી દે અંધકાર;
એક સ્વરે સહુ ગગન ગજાવતા કરીયે જય જયકાર—અ.

(અરદેશર ફરામજી ખબરદાર)

પ્રશ્નમાળા.

[રાગ ગઝલ.]

અરે ! મુજ દેશી બન્ધુ હો ! ન શું સૌ આપણે ભ્રાતા?
ભુલી ભેદાપભેદો તો, નહિ કાં એક સૌ થાતા ?
ભલે બંગાળી-પંજાબી, ભલે તૈલંગી મદ્રાસી !
ભલે દક્ષિણી-ગુજરાતી, ન શું સૌ હિન્દના વાસી ?
ભલે હો હિન્દુ-મુસલમાન, ભલે હો પારસી કીરસ્તાન!
પરન્તુ બંધુ એ સૌયે, નહિ શું હિન્દના સંતાન ?
સુધારક કે રૂઢી રક્ષક, ભલે (મતવાદી કે ઉદ્દામ,
રૂચે જે તે ભલે હોયે, જુદાઈ તેથી શાને આમ ?
રહીને હિન્દના ગરમાં, શું ન લોહી હિન્દનું વહેતું,
જરૂર સંતાન ભારતનાં, સહુ આપણ છીએ બન્ધુ.

[લેખક—ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા.]

ખાદીનો પોશાક.

નોરમળ અને નિર્દોષ સાદો ખાદીનો પોશાક છે.
લાખ્ખો જનોનો રોટલો આ ખાદીનો પોશાક છે.
યુનીફોર્મ ગાંધી સૈન્યનો આ ખાદીનો પોશાક છે.
દુશ્મનોને અકળાવતો આ ખાદીનો પોશાક છે.
સ્વરાજ્યના ફકીરો તણો આ ખાદિનો પોશાક છે.
હરીફ મેન્ચેસ્ટર તણો આ ખાદીનો પોશાક છે.
ઉદય અમારા હિન્દનો આ ખાદીનો પોશાક છે.

[ચંદુલાલ નંદલાલ દેસાઈ.]

હમારો ભેખ ન્યારો છે.

[રાગ ગઝલ.]

નહિ કાળાં નહિ ભગવાં, નહિ ઝોળી નહિ કફની,
નહિ માલા નહિ તસ્વી, હમારો ભેખ ન્યારો છે.
હમારાં શાસ્ત્ર છે જુદાં, હમારા મંત્ર છે જુદા,
મોહનના પ્રેમની પોથી, હમારો વેદ સાચો છે.
ભલે આલમ હશે અમને, ભલે નિંદે લઢે તોયે,
હમારો જાન દેવામાં, હમારો યોગ ન્યારો છે.
દયા શ્રદ્ધા ક્ષમા સેવા, હમારા મંત્ર એ ચારે,
ગાજાવીશું ખુણે ખુણે, અસહકાર એ હમારો છે.
રહ્યાં અસ્થિ જે દુનિયામાં, બધું ચેતન ગયું ઉડી,
તે અસ્થિને જગાવામાં, હમારો ઈલ્મ ન્યારો છે.
પ્રભુને રંગ રંગાઈ, ધર્યા છે ખાદીના વાઘા,
ઝુકાવ્યું શીર તો મરવું, હમારા જંગ જુદા છે.
હમારાં વેદને કુરાન, હમારાં મન્દિરો મસ્જિદ,
હમારા યાગ ને યજ્ઞો, હમારૂં સર્વ જુદું છે.
હમારા ખાકની મુઠી, ઉડાવીશું બધે ચોગમ,
હમારા રંગ રંગીશું, હમારો એજ દાવો છે.

[લેખક—મણીલાલ મોહનલાલ માતરીઆ.]

અમલદારી હમારી છે.

—(રાગ—ગઝલ.)

પ્રભુથી ના અમે ડરીએ, દીલે ઇચ્છયું સદા કરીએ;
ન કોની દાદ સાંભળીએ, અમલદારી હમારી છે.
નથી નીતિ તણી પરવા, નથી ધર્મજ આચરવા;
નથી વિચાર કંઇ કરવા, અમલદારી હમારી છે.
ભલે હો રંક કે શ્રીમંત, ભલે હો નેકન્યાયી પંથ;
ભલે ભાવે ભજો ભગવંત, અમલદારી હમારી છે.
ગમે તેવા અમે ભુંડા, તમે રૂડા થકી રૂડા;
છતાં પહેર્યાં કરો ચુડા, અમલદારી હમારી છે.
અમારો રોફ છે જુદો, અમારો ટેક છે જુદો;
અમારો રાહ છે જુદો, અમલદારી હમારી છે.
ગરીબોને અમે દમીએ, અમારે સ્વાર્થે વિરમીએ;
ન કોઇને અમે નમીએ, અમલદારી હમારી છે.
છતાં જે રાખતો રાજી, કહે "હાજી બધું હાજી;"
થતો નિર્વિઘ્ન તે પાજી, અમલદારી હમારી છે.
થતો અમ ખોફ જેનાપર, ન કરતો સહાય તેને હર;
અજબ એવો અમારો ડર, અમલદારી હમારી છે.
ગણો હમોને પ્રભુ જગમાં અમે મોટા સદા કદમાં;
ચુમો ચુંગલ પડી પદમાં, અમલદારી હમારી છે.

(ગઝલ સાગરમાં લેખક કાશીરામ ભાઇશંકર ઓઝા.

જસમાઇનનો !　　　　આયોડાઇઝ્ડ !

સારસાપરેલા.

લોહી સુધારનારી સૌથી સરસ દવા તરીકે જસમાઇનનો **સારસાપરેલા** ઘણોજ અકસીર છે. કેળવાએલાં કુટુંબોમાં તેજ વપરાય છે. ડાકટરો તેનીજ ભલામણ કરે છે. પ્રમેહ, ચાંદી, વિસ્ફોટક, ગડગુમડ, કોઢ, ખસ, દરાજ સંધીવા, વિગેરે રોગોમાં તેનો ગુણ ઘણોજ વખાણવા જેવો છે. કીંમત માત્ર રૂ. ૧।. વી. પી. રૂ. ૧।।= અને ત્રણ સીસી વી. પી. થી રૂ. ૫।=

જસમાઇન એજન્સી,

મુ. પોષ્ટ નડીઆદ. (ગુજરાત)

શ્રી લક્ષ્મીવિજય પ્રિન્ટીંગ પ્રેસ (ધાન્ય) માં દેસાઇ સવચંદ છગનલાલે છાપી. ઠે. નગરશેઠની મારકીટમાં નં. ૩૦, રતનપોળ—અમદાવાદ.